# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) ભારતના શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં લઇ જનાર એક્સિઓમ-4 મિશનનો પ્રારંભ

2) આજે દેશભરમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામા આવી રહ્યો છે: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહે કટોકટીની આકરી ટીકા કરી

3) ઓપરેશન સિંધુ અંતર્ગત અત્યાર સુધીમાં આઠસો 18 ભારતીય નાગરિકો ઇઝરાયેલથી સ્વદેશ પરત ફર્યા

4) ભારતે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ-SDG ઇન્ડેક્સમાં ટોચનાં 100 દેશોમાં સ્થાન મેળવ્યું

5) ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલનાં ગોળીબાર અને હવાઇ હૂમલામાં 70 પેલેસ્ટાઇની નાગરિકોનાં મૃત્યુ

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AIXOM -4 LAUNCH

વારંવાર મુલતવી રહ્યા બાદ આજે એક્ઝિઓમ-4નું અવકાશમાં સફળતા પૂર્વક લોન્ચિંગ થઇ ગયું છે. અમેરિકાના ફ્લોરિડાના કેનેડી અવકાશ કેન્દ્ર પરથી તેનું લોન્ચિંગ થઇ ગયું છે. ભારતના શુભાંશુ શુક્લા સહિતના ચાર અવકાશયાત્રીઓ સાથે આ યાન લોંચ કરાયું છે.. ચારેય અવકાશ યાત્રીઓ વિવિધ પ્રયોગ કરશે.

આ અંગે ખુશી વ્યક્ત કરતાં કેન્દ્રીય  વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી ડોક્ટર જીતેન્દ્રિસિંહે કહ્યું કે શુભાંશુ શુક્લા અવકાશમાં રોકાઇને સંશોધન તેમજ વિવિધ પ્રયોગો કરશે.. 41 વર્ષ બાદ કોઇ ભારતીય અવકાશયાત્રા કરી રહ્યાં છે ત્યારે શુભાંશુ શુક્લાના પિતા શંભુ આનંદ વ્યકત કર્યો હતો.

(બાઈટ -- શંભુ દયાળ)

# SAMVIDHAN HATYA DIWAS

દેશભરમાં આજે સંવિધાન હત્યા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કટોકટી સામેની લડાઈમાં મક્કમ રીતે ઊભેલા લોકોને સલામ કરી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું હતું કે, આજે ભારતના લોકશાહી ઇતિહાસના સૌથી કાળા પ્રકરણમાંથી એકને પચાસ વર્ષ પૂર્ણ થયા છે.

તેમણે કહ્યું હતું કે, આ દિવસે ભારતીય બંધારણમાં સ્થાપિત મૂલ્યોનું હનન કરાયું હતું, મૂળભૂત અધિકારોને આંચકી લેવામાં આવ્યા હતા, અખબારોની સ્વતંત્રતા નાબૂદ કરવામાં આવી હતી અને અનેક  રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને નાગરિકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં 'ધ ઇમર્જન્સી ડાયરીઝ-યર્સ ધેટ ફોર્જ્ડ અ લીડર "પુસ્તકનું વિમોચન કરશે. આ પુસ્તકમાં કટોકટી સામેની લડતમાં તત્કાલીન યુવાન અને આરએસએસના પ્રચારક અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે કટોકટી એ કોંગ્રેસની સત્તા ભૂખથી પ્રેરિત અન્યાયનો યુગ હતો. આજે સંવિધાન હત્યા દિવસ નિમિત્તે શ્રી શાહે સોશિયલ મીડિયા પર એક સંદેશમાં કહ્યું હતું કે કટોકટી રાષ્ટ્રીય જરૂરિયાત નહોતી, પરંતુ કોંગ્રેસ અને એક વ્યક્તિની લોકશાહી વિરોધી માનસિકતાનું પ્રતિબિંબ હતું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ 1975માં લાદવામાં આવેલી કટોકટીનો વિરોધ કર્યો છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જગતપ્રકાશ નડ્ડાએ જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષ આજે પણ 50 વર્ષ પહેલાં લાદેલી કટોકટી સમયની માનસિકતા ધરાવે છે.

**(BYTE -- J P NADDA ON EMERGENCY)**

# VC VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, આજથી ત્રણ દિવસ ઉત્તરાખંડના નૈનીતાલની ત્રણ દિવસની મુલાકાતે રહેશે. ભારત સરકારના પ્રેસ અને માહિતી કાર્યાલય અનુસાર ઉપરાષ્ટ્રપતિ ધનખડ, આજે કુમાઉ યુનિવર્સિટીના સુવર્ણ જયંતિ સમારોહની અધ્યક્ષતા કરશે. તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધિત કરશે. શ્રી ધનખડ 27 જૂને શેરવુડ વિશ્વવિદ્યાલયના 156મા સ્થાપના સમારોહમાં મુખ્ય અતિથિ બનશે. દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ નૈનીતાલના રાજભવનની પણ મુલાકાત લેશે

# OP SINDHU ISRAEL

ઓપરેશન સિંધુના ભાગરૂપે અત્યાર સુધીમાં આઠસો 18 ભારતીય નાગરિકો ઇઝરાયેલથી સ્વદેશ પરત ફર્યા છે. કેન્દ્રીય શ્રમ, રોજગાર અને એમએસએમઈ રાજ્ય મંત્રી શોભા કરંદલાજેએ આજે સવારે ભારતીય વાયુસેનાના વિમાનમાં ઇઝરાયેલથી ભારત પરત ફરેલા 224 ભારતીય નાગરિકોનું સ્વાગત કર્યું.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકોની સલામતી અને સુરક્ષા સરકાર માટે પ્રાથમિકતા છે.

# KAILASH MANASAOVAR YATRA

કૈલાસ માનસરોવરના 47 યાત્રાળુઓની બીજી ટૂકડીએ આજે સવારે નાથુલા સરહદ સફળતાપૂર્વક પાર કરી છે.

તમામ યાત્રીઓ તેમની આગળની યાત્રા કરવા રોમાંચિત જણાતા હતા. યાત્રાની સુંદર વ્યવસ્થા કરવા બદલ તેમણે સિક્કિમ પ્રવાસન વિકાસ નિગમ, વિવિધ વિભાગો અને સિક્કિમ સરકારનો આભાર માન્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIHAR MAHABODHI TREE

બિહારમાં, દેહરાદૂન સ્થિત વન્ય સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકોની એક ટીમે બોધગયામાં મહાબોધિ મંદિરના પરિસરમાં પવિત્ર મહાબોધિ વૃક્ષનું આરોગ્ય તપાસ્યું છે. વૈજ્ઞાનિકો ડૉ. સંતન ભરથવાલ અને ડૉ. શૈલેષ પાંડે દ્વારા આ નિયમિત તપાસ કરવામાં આવી હતી. ટીમે ગઈકાલે બોધિ વૃક્ષના મુખ્ય થડને તપાસીને તે સારી સ્થિતિમાં છે તેવુ તારણ આપ્યું હતું.. મહાબોધિ મંદિર યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં છે, અને તે એક મહાન તીર્થસ્થાન છે.

# SDG INDEX

ભારતે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ-SDG ઇન્ડેક્સમાં ટોચનાં 100 દેશોમાં સ્થાન મેળવ્યું છે. 167 દેશોની યાદીમાં પ્રથમવાર ભારતે ટોચનાં 100 દેશોમાં સ્થાન મેળવ્યું છે. યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલની 10મી આવૃત્તિ મુજબ ભારત 2025માં SDG ઇન્ડેક્સમાં 67 અંક સાથે 99મા ક્રમે આવ્યું છે. અમેરિકા 75 અંક સાથે 44મા ક્રમે છે.

2015માં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યોએ SDG ઇન્ડેક્સ અપનાવ્યો હતો. દર વર્ષે 17 નિર્ધારિત લક્ષ્યોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરીને ક્રમ આપવામાં આવે છે.

# MARKET

આઇટી ક્ષેત્રના શેરોની આગેકૂચના પગલે ભારતીય શેરબજારમાં તેજીનો દોર યથાવત રહ્યો છે. મધ્ય પૂર્વમાં થાળે પડતી સ્થિતિને કારણે વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણને કારણે સેન્સેક્સમાં છ સો અને નિફ્ટીમાં લગભગ બસો પોઇન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો છે..

# PALESTINIANS KILLING

ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલના ગોળીબાર અને હવાઈ હુમલાઓમાં ઓછામાં ઓછા 70 પેલેસ્ટાઇનીઓ માર્યા ગયા છે. તેમાંના મોટા ભાગનાં લોકો માનવતાવાદી સહાયની રાહ જોઈ રહ્યા હતા.

સ્થાનિક સ્ત્રોતો અને પ્રત્યક્ષદર્શીઓએ મીડિયાને જણાવ્યું હતું કે ઇઝરાયેલી દળોએ દક્ષિણ ગાઝા પટ્ટીમાં રફાહની ઉત્તરે શકૌશ વિસ્તારમાં અમેરિકા સમર્થિત સહાય વિતરણ કેન્દ્ર નજીક એકત્ર થયેલા પેલેસ્ટાઇનીઓની મોટી ભીડ પર ગોળીબાર કર્યો હતો.

એક અલગ ઘટનામાં, ઇઝરાયેલી દળોએ વાડી ગાઝાની દક્ષિણે સલાહ અલ-દિન સ્ટ્રીટ પર મદદ માટે ભેગા થયેલા પેલેસ્ટાઇનીઓને નિશાન બનાવતા 19નાં મૃત્યુ થયા છે અને 146ને ઇજા થઈ છે, જેમાંથી 62ની હાલત ગંભીર છે.

# TRUMP IRAN CLAIM

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની પરમાણુ સુવિધા નષ્ટ ન થઈ હોવાનાં અહેવાલોને નકારી કાઢ્યા છે. અમેરિકાનાં બે અગ્રણી મિડિયા દ્વારા જાહેર કરાયેલા તાજેતરના ગુપ્તચર અહેવાલમાં ટ્રમ્પ વહીવટીતંત્રના એ દાવા પર શંકા વ્યક્ત કરવામાં આવી છે કે તાજેતરના અમેરિકન હવાઈ હુમલાઓએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધો હતો.

સોશિયલ મિડિયા ટ્રુથ પરના સંદેશમાં, અમેરિકી રાષ્ટ્રપ્રમુખે બંને મીડિયા સંસ્થાઓની ટીકા કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે સીએનએન અને ન્યૂયોર્ક ટાઇમ્સે ઇતિહાસના સૌથી સફળ લશ્કરી હુમલાઓમાંથી એકને નીચો દેખાડવા માટે જોડાણ કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ઈરાનમાં પરમાણુ સ્થાનો સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

# NATO- UKRAINE

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી હેગમાં નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઇઝેશન (નાટો) શિખર સંમેલનના સત્તાવાર કાર્યક્રમમાં ભાગ નહીં લે. અમેરિકા, તુર્કીએ, સ્લોવાકિયા અને હંગેરી તેમની સાથે એક જ ટેબલ પર બેસવા માંગતા ન હોવાથી તેઓ બેઠકમાં ભાગ નહીં લે.

હંગેરીના પ્રધાનમંત્રી વિક્ટર ઓરબાને સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં આ વાત કહી હતી. અમેરિકા, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, ઇટાલી અને કેનેડાનો સમાવેશ ધરાવતા નાટોના નેતાઓ આજે રશિયા-યુક્રેનના સતત સંઘર્ષ અને ગઠબંધનમાં વોશિંગ્ટનના ભવિષ્ય વિશેની અનિશ્ચિતતા વચ્ચે આજે નેધરલેન્ડ્સના હેગમાં વાર્ષિક શિખર સંમેલન માટે ભેગા થઈ રહ્યા છે.

સંમેલન ગઈ કાલથી શરૂ થયું છે અને બીજી વાર રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વાર ભાગ લેશે.